ORIGINAL RESEARCH PAPER

Literature

# SATI NI AGNI PARIKSHA: 'SATMO DIVAS'

**KEY WORDS:** સ્ત્રીનું આંતરજગત, કથક, કથનકેન્દ્ર, ગૃહિણી, નોકરિયાત મધ્યમવર્ગીય શહેરી સ્ત્રી, પુરુષપ્રધાન સમાજવ્યવસ્થા, સહોપસ્થિતિ.

**Dr. Hirendra Pandya**

Arts and Commerce College, Near Railway Crossing, Vadnagar

**ABSTRACT**

પન્ના ત્રિવેદીની અનેક વિશેષતાઓ પૈકીની એક વિશેષતા તે સ્ત્રીના આંતરજગતનું નિરૂપણ. 'સાતમો દિવસ' વાર્તામાં સતીના પાત્ર વડે એક ગૃહિણીનાં આંતરજગતને, તેનાં સૂક્ષ્મ સંવેદનને સર્જક દર્શાવે છે. ગૃહિણી અને નોકરિયાત એમ બેવડી જવાબદારી નિભાવતી આજની શહેરી સ્ત્રીની પોતાનો ઓરડો મેળવવાની ઝંખના શાંતિનિકેતન સંસ્થા વડે સૂચવાય છે. પતિની શંકા અને સતીના ભ્રમનું ભાંગવું એ વાર્તાની ચરમસીમા છે. બોલકી વસુધાનો કથક તરીકે થતો પ્રવેશ સર્જકની કથકની પસંદગીની સભાનતા દર્શાવે છે.

વાર્તાકાર પન્ના ત્રિવેદીની 'સાતમો દિવસ' વાર્તાની સતીને જોતાં 'Where'd you Go, Bernadette' નામની Richard Linklater દિગ્દર્શિત ફિલ્મની Bernadette યાદ આવી જાય. ફિલ્મમાં દમદાર અભિનેત્રી કેટ બ્લેન્ચેટે (Cate Blanchett) Bernadette નામની સ્ત્રીનો અભિનય કર્યો છે. મૂળ તો, આ ફિલ્મ આ જ નામની Maria Semple નામની લેખિકાની નવલકથા પર આધારિત છે. Bernadette સફળ આર્કિટેક્ટ છે. પોતાના પતિ અને દીકરી સાથે રહેતી પ્રેમાળ પત્ની અને માતા તરીકે વર્ષો વીતાવ્યા બાદ તેને પોતાની રચનાત્મકતા માટે એકાંતની જરૂર વર્તાય છે. આથી તે પતિ કે દીકરીને કશું કહ્યા વિના રોમાંચક સફર પર જતી રહે છે. પોતાની થીજી ગયેલી સર્જનાત્મકતાને પુનઃ જીવંત કરી તે પતિ પાસે પાછી ફરે છે. 'સાતમો દિવસ'ની સતીની શોધ જુદી છે. સતી Bernadette જેટલી નસીબદાર પણ નથી. રોજની યાંત્રિકતાથી ઉબાઈ ગયેલી સતી સાત દિવસ માટે શાંતિનિકેતનમાં (આ નામની સ્ત્રીઓને રહેવાની એક જગ્યા) રહેવા જાય છે. પતિ નંદનને માટે પત્રમાં આ વિગત લખીને તે ચાલી નીકળે છે. સતી નોકરીએથી સાંજે ઘરે ન જતાં સીધી શાંતિનિકેતન પહોંચે છે તે પ્રથમ દિવસથી વાર્તા શરૂ થાય છે. સાતમાં દિવસની સાંજે મોનિકા કૉફી ડે પર નંદનને મળે છે ત્યાં વાર્તા પૂરી થાય છે. કહો કે, સતીના પારખાં આગળ વાર્તા પૂરી થાય છે. નંદન સાત દિવસે મળતી સતીને તેના ખબરઅંતર ન પૂછતા કંઈક બીજું જ કહે છે,

'સતી મારી વાતને ખોટી રીતે ના લઈશ પણ તારા આ અખતરાની વાત બધાના કાનમાં જઈ પહોંચી... આજે બધાં ત્યાં એક જ વાત કરતા હતાં કે આટલા દિવસ તું શાંતિનિકેતનમાં જ હતી તેની શું ખાતરી? છ પૂરી રાત અને સાત આખા દિવસ સતી... હિસાબનો તાળો ન મળે ત્યાં સુધી. જ્યારે દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જશે ત્યારે આંગળી ચીંધનારનાં મોં સિવાઈ જશે. તને ખબર છે ને કે એકવાર પેલા દયાલની વહુ પણ આ રીતે કહ્યા વગર નીકળી પડેલી. પછી કોના ઘેરથી નીકળી છે તેય ખબર છે ને! પણ શાંતિનિકેતન જઈને ખાતરી કરી આવું ત્યાં સુધી...' (પૃ-૪૯)

વાર્તાકાર પન્ના ત્રિવેદીની 'વિનુનું ઘર'ની માલતી અને 'રંગ વિનાનો રંગ'ની નાયિકાની પણ શોધ છે આવા એકાંતની. બધી વાતે સુખી છતાં સુખ પાછળની શૂન્યતા, અધૂરપ અનુભવતી, પોતાની જાતને પામવા મથતી સ્ત્રીઓની સૂક્ષ્મ, નાજુક સંવેદનાઓને વાર્તારૂપે કંડારવાની મથામણ સતત આ વાર્તાકારની રહી છે. શાંતિનિકેતનની સ્ત્રીઓને પણ સવાલ થાય છે કે પતિ અને દીકરો (એ જ શહેરમાં) હોવા છતાં સતી શા માટે સાત દિવસ શાંતિનિકેતનમાં રહેવા માટે આવી છે? વાર્તાકાર આ પ્રશ્નનો ઉત્તર વાર્તામાં જ આપી દે છે.

'આખું ઘર મારું છે, પણ હું મને ક્યાંય નથી જડતી એમાં, ને નંદન સામે હોય છે તોય એ પણ ક્યાં જડે છે મને! ઘર જ નહીં, દુનિયા આખી એવી લાગે છે. ઉબાઈ ગઈ છું આ યાંત્રિકતાથી, જીવવાનો કંટાળો આવી ગયો છે.' (પૃ-૪૨)

સતી નોકરીએથી છૂટીને સાંજે શાંતિનિકેતનના માર્ગે જઈ રહી છે. વરસાદના કારણે રસ્તો કાદવકીચડવાળો છે. રસ્તાના વર્ણનથી વાર્તાનો આરંભ થાય છે.

'રસ્તો ચીકણો હતો. કદાચ કાલે રાતે વરસાદ બરાબરનો ખાબક્યો હોવો જોઈએ... કાચા રસ્તા પર પથરાયેલી માટીના કારણે તે કાદવકીચડભર્યો બની ગયો હતો. સતી લપસતાં માંડ બચી.' (પૃ-૩૮)

'કાદવકીચડ', 'ચીકણો રસ્તો' શબ્દો વાર્તાના અંતને સૂચવે છે. સતીનો ભ્રમ ભાંગશે એનો ખ્યાલ અહીં જ આવી જાય. શાંતિનિકેતન પહોંચ્યા પછી સતીનું ચિત્ત ઘરની અને શાંતિનિકેતનની તુલના કરતું રહે છે. વાર્તાકાર સતીની સ્મૃતિઓ અને શાંતિનિકેતનની બહેનોના વાણી-વર્તનની સહોપસ્થિતિ સતીના સંવેદનોને રજૂ કરે છે. સતીને આવકારતી બહેનો કહે છે, 'તો આવી ગયા ને તમે! તમારી જ રાહ જોતા હતા અમે. લાવો, આપી દો આ ભાર અમને, ને થઈ જાવ તદ્દન હળવાંફૂલ.' (પૃ-૩૯)

એની સામે સતીને ઘરની યાદ આવે.
'ઘરના લોકો ઘરની ભીતર હોય તોય ફ્લેટનું તાળું પોતાની ચાવીથી જ ખોલવાનું હોય, ભલેને પછી પોતે નોકરીએથી પાછી ફરી હોય કોઈ પિચકાયેલા ફળના ગર જેવી! નંદન તેના કામમાં ગળાડૂબ હોય અને અચલ તેના લેપટોપમાં ગળાડૂબ હોય. બારણું ખોલતાં, સામે કોઈની બે સ્નેહભરી આંખ હોય છે કદી તેને આવકારવા?' (પૃ-૩૯,૪૦)

વાર્તાકારે સતીની અંદર રહેલી અવકાશની ઝંખના સરસ રીતે દર્શાવી છે. સતી પોતાના ઓરડામાં પ્રવેશે અને મનોમન કહે,

'આ મારો ઓરડો છે! કોતરણીકામ કરેલું કલાત્મક ડ્રેસિંગ ટેબલ, સફેદ સફેદ રૂ ભરેલી અને એવી જ સફેદ, સ્વચ્છ ચાદર પાથરેલી બે નરમ નરમ પથારી, બંને ખૂણે ફૂલદાની અને ફૂલદાનીમાં પીળા રંગનાં ફૂલો, સફેદ રંગના આછા કાપડ આછા લીલા રંગની વેલ-બુટ્ટાવાળા રેશમી પડદા અને બંને બારીની પેલે પાર દૂર દૂર સુધી દેખાતી લીલોતરી... આખા ઓરડામાં બસ સતી જ સતી!' (પૃ-૪૧)

રંગોનું – સફેદ, પીળો અને આછો લીલો – વર્ણન સતીની સૌંદર્યાત્મક દૃષ્ટિને દર્શાવે છે. સાથે આ રંગો સતીની અવકાશની ઝંખના પણ દર્શાવે

છે. 'આખા ઓરડામાં બસ સતી' – આ વિધાન સૂચક છે.

સતીનું પાત્ર મુક્તિ, અવકાશ ઝંખે છે પણ સાથે જ તેને યાદ આવે છે નંદન. પન્ના ત્રિવેદીએ સતીના મનની આ સંકુલતાને – મુક્તિ અને ભીંસ, અવકાશ અને સ્નેહ, એકલતા અને સાથીની ઝંખનાની નજાકતથી કરેલી ગૂંથણીના લીધે સતીનું પાત્ર સ્પર્શી જાય છે. વાર્તાના આરંભથી અંત સુધી સતી આ બંને ભાવો અનુભવતી જોવા મળે છે. સંસ્કૃત આચાર્યો જેને ભાવસંધિ અને ભાવોદય કહે છે તે વાર્તાકાર સહોપસ્થિતિથી સિદ્ધ કરે છે. પતિનો પ્રેમ અને પોતાના એકાંતની ઝંખના આ બંને ભાવો સતી પ્રબળ રીતે અનુભવે છે. સતી શાંતિનિકેતનમાં વસતી સ્ત્રીઓની વ્યથાકથા જાણતી જાય છે તેમ તેમ નંદનની યાદ તીવ્રતમ બનતી જાય છે. 'સતીને થયું કે તે ચીસ પાડી ઊઠશે હમણાં... જીવ ચૂંથાતો હતો. નંદન વધુ તીવ્રપણે યાદ આવવા લાગ્યો.' (પૃ-૪૭)

છઠ્ઠા દિવસની રાતે તો સતીને લગ્નનો દિવસ યાદ આવી જાય છે. સાથે મંજુકાકીના શબ્દો પણ યાદ આવે છે કે, 'આ છોડી શું ભાગ લઈને આવી છે! રામ જેવી ધણી મળ્યો છે.' નંદનને મળવા આતુર સતી ઓફિસમાં ફૂલદાની જુએ છે. તેમાં સફેદ રંગના ફૂલો વચ્ચે લાલ ગુલાબ જોઈ તેની પાંખડીઓ પર આંગળીઓ ફેરવતાં ફેરવતાં મનમાં ગણગણે છે; 'સાયબો મારો ગુલાબનો છોડ.' પરંતુ નંદનનો જવાબ સાંભળીને તેને લાગે છે કે 'લાલ ગુલાબની પાંખડીઓમાંથી લાલ રંગ ઊડી ગયો. બધાં ગુલાબ હવે સફેદ રંગના હતાં.' લીલો, પીળો, લાલ જેવા રંગોના ઉલ્લેખો સતીની મનઃસ્થિતિને સાંકેતિક રીતે દર્શાવે છે.

વાર્તામાં કથનકેન્દ્ર સર્વજ્ઞનું છે. પન્ના ત્રિવેદીએ સતીની રૂમ પાર્ટનર વસુધાના મુખે શાંતિનિકેતનની સ્ત્રીઓનો ઈતિહાસ કહેવડાવ્યો છે. વસુધા કથક અને સતી શ્રોતા. અહીં કથનકેન્દ્ર બદલાવાથી વાર્તાને સુરેખ આકાર મળ્યો છે. વસુધા બહિર્મુખી છે. તેના બોલવાને લીધે એક તરફ સ્ત્રીઓના અનેક પ્રકારના દુઃખ, પીડા, વ્યથાને વાચા મળે છે. બીજી તરફ શાંતિનિકેતનનો પરિવેશ નક્કર બને છે. ત્રીજી તરફ વસુધાની વાણી સાંભળીને સતીના હૃદયમાં નંદન માટેનું આકર્ષણ પ્રબળ બનતું જાય છે. આ બધાંના કારને વાર્તા સતીના સંકુલ સંવેદનોનું નિરૂપણ કરતી હોવા છતાં વ્યાપક પરિમાણવાળી બને છે. કથક વસુધાની ભાષામાં હળવાશનું તત્ત્વ છે.

શાંતિનિકેતનમાં ત્રણ વિભાગ છે. 'ગંગા' વિભાગમાં એકલી-અટૂલી વૃદ્ધાઓ, 'જમુના' વિભાગમાં વિધવા અને ત્યકતાઓ તથા 'સરસ્વતી' વિભાગમાં યુવાન નોકરિયાત સ્ત્રીઓ રહે છે. વસુધા સતીને આ ત્રણેય વિભાગના સાતેય ઓરડામાં લઈ જાય છે. અહીં છ વરસે પરણેલી, યુવાવયે પતિથી સગર્ભા બનેલી પણ દેખાવ પતિને પસંદ ન આવતા ત્યજી દેવાયેલી બિનિતા, પુરુષોની જેમ કામ કરતી અને તમાકુ ખાતી મિકેનિક નયના, એરહોસ્ટેસની ટ્રેનિંગ લઈ બે પાંદડે થવા સાત મહિનાની દીકરીને મૂકીને આવેલી દિલ્લીની અનસૂયા, બે છોકરાના બાપ એવા પરણિત બોસના પ્રેમમાં પડેલી સાઉથ ઇન્ડિયન લોપા, સ્વજનોથી તરછોડાયેલી વૃદ્ધાઓ, જુવાન છોકરાઓને લલચાવતી, યૌવનસહજ આવેગો અનુભવતી યુવતીઓ, રવિવારે આંખમાં કાજલ લગાવી ટગરટગર જોતી વીસ વર્ષથી રહેતી વિદ્યાનું વર્ણન વસુધા પોતાની આગવી છટાથી કરે છે. વસુધાની વાણીનું એક ઉદાહરણ જુઓ.

'ઓ મા... આ ફિલ્મી ડાયલોગ મારનારી પેલી સવિતા ચિબાવલી જ હશે. ધોળા દિવસે તો અહીંની બધીય ચકલીઓ ઊપડશે હમણાં ચોખાના દાણા લેવા; પણ રાતે તમને બધાંની ઓળખાણ કરાવવાની છું... સાલું એવું થઈ ગયું છે ને આજકાલ કે આપણને કોઈ સ્વર્ગમાં લઇ જાય તો આપણા જેવાં વાંકદેખાઓને ત્યાંય સાલું બધું પોલંપોલ જ લાગવાનું!' (પૃ-૪૩)

વાર્તાના અંતે નંદનના શબ્દો સાંભળીને સતીના કાનમાં મંજુકાકીના શબ્દો પડઘાવા માંડે છે, 'બહુ ભાગ્યશાળી રે... રામ જેવો ધણી મળ્યો છે... રામથી જરાય ઊતરતો નથી!' (પૃ-૪૯)

સાત દિવસમાં સ્ત્રીઓના અનેક પ્રકારના દુઃખ નરી આંખે જોતી સતીનું ક્રમશઃ નંદન માટે પ્રબળ બનતું જતું ખેંચાણ અને નંદનના આરોપોથી અનુભવાતો એવો જ પ્રબળ આઘાત ભાવકની આંખ ભીની કરી દે છે. વાર્તાની સુસ્ત સમયસંકલના, વિષય અને સતીની મનઃસ્થિતિને અનુરૂપ પરિવેશનું નિરૂપણ, સતીની સ્મૃતિઓ અને શાંતિનિકેતનની વાસ્તવિકતાની સહોપસ્થિતિ, અંતર્મુખી સતી અને બહિર્મુખી વસુધાની સહોપસ્થિતિ વડે સતીના હૃદયમાં જન્મતાં નાજુક, સંકુલ સંવેદનો સ્પર્શક્ષમ બન્યાં છે. શાંતિનિકેતનનો પરિવેશ જોતાં એક સુરેખ લઘુનવલ રચી શકાય એવી સામગ્રી વાર્તામાં વાર્તાકારે વણી લીધી છે એમ કહી શકાય. અલબત્ત, સુજ્ઞ ભાવકને એવો પ્રશ્ન જરૂર થાય કે એક જ શહેરમાં હોવા છતાં નંદન સાત દિવસ સુધી આડકતરી રીતે પણ સતી શાંતિનિકેતનમાં જ છે કે કેમ એવી તપાસ કેમ કરતો નથી? પન્ના ત્રિવેદી સ્ત્રી હૃદયના સંવેદનોને આ વાર્તામાં નિરૂપવામાં સફળ રહ્યાં છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

## સંદર્ભ


૧) 'સાતમો દિવસ', પન્ના ત્રિવેદી, રન્નાદે પ્રકાશન, ૨૦૧૬
૨) 'Where'd You Go, Bernadette', Dir. Richard Linklater, 2019